# શહેર-જિલ્લામાં જુગાર રમવાના રંગમાં પોલીસે ભંગ પાડ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં પોલીસે વિવિધ સ્થળો પર દરોડા પાડી મોટીસંખ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા જુગારીઓના રંગમાં ભંગ પાડી દબોચી લીધા છે. પોલીસે સેકટર-૧૬, હળમતીયા કેનાલ પાસે, સેકટર-૨ બી અને સરઢવ ખાતે થી જુગારીઓને મોબાઈલ, રોકડા રૂપીયા, વિવિધ વાહનો, સાથે પકડી પાડ્યા છે. તો ચાર જેટલા જુગારી નાસી છુટવામાં પણ સફળ રહ્યા હતા.જયારે પકડાયેલા જુગારીઓમાં જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હિનાબેન પટેલના પતિ હરેશ પટેલ, તેમજ સરઢવના ડે.સરપંચ સહિત કલાર્ક પિતા પુત્રનો પણ સમાવેશ થાય છે. તમામ જુગારીઓ સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સરકારી રહેણાંક મકાનમાંથી જુગારધામ ઝડપાયું છે. આ જુગારધામમાં પિતા-પુત્ર ખુદ સંડોવાયેલા હતા. સેકટર-૨૧ પોલીસ મથકના જવાનોએ બાતમીને પગલે સેકટર-૧૬ સુવિધા કચેરી પાસે ચ ટાઈપ બ્લોક નં.૫૩-૧ ખાતે રેઈડ પાડી હતી. અચાનક રેઈડ પડતા જુગારીઓ પણ અચંબામાં પડી ગયા હતા. પોલીસે જુગાર રમી રહેલા વિઠ્ઠલભાઈ લગરભાઈ સોંલકી (ઉં.૫૭), તેમનો દિકરો હિતેશ વિઠ્ઠલ સોલંકી, પંકજ ભીખાભાઈ પરમાર (સિધ્ધાર્થ સ્ટેટસ ન્યુ વાવોલ), અજમલ રૂમાલસિંહ ઠાકોર (જલુન્દ્રા ગામ), શૈલેષ ધારસિંહ જમોડ (કલ્પતરુ સોસાયટી ઝુંડાલ), કલ્પેશ મણીભાઈ મણીયાર (જામનગર), કૃષ્ણવિજયસિંહ મહોબ્બતસિંહ ઝાલા (સિદ્ધી વિનાયક બંગ્લોઝ સરગાસણ), પકડાયા હતા. પોલીસે જુગાર સ્થળ પરથી રોકડા રૂ.૪૮,૫૦૦, ૬ નંગ મોબાઈલ, અને ૪ વાહનો મળી કુલ રૂ.૩.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખયની છે કે આરોપી વિઠ્ઠલ સોલંકી સરકારી પ્રેસ ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે. જયારે તેમનો દિકરો હિતેશ ઉદ્યોગ ભવનમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે.

જયારે સેકટર-૭ પોલીસે હડમતીયા કેનાલ પાસે ખુલ્લી જગ્યામાં બેસીને જુગાર રમતા ચાર જુગારીઓને દબોચી લીધા હતા.જયારે રેઈડ દરમિયાન નાસભાગ મચતા ૪ જુગારી નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે પકડેલા જુગારીઓમાં જગદીશ ભાવાજી ઠાકોર, રવિ પ્રવિણકુમાર નાયી, રિઝવાન યાસીનભાઈ વ્હોરા, ભરત લક્ષ્મણભાઈ ભરવાડનો સમાવેશ થાય છે.જયારે પોપટ શિવાભાઈ ભરવાડ, રાજુ કમસીભાઈ ભરવાડ, દશરથ ગરશનભાઈ રાવળ અને શૈલેષ ગોરધનભાઈ દસાડીયા નાસી છુટ્યા હતા. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન મળી કુલ રૂ. ૨૭,૪૯૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં સરઢવ ગામ ખાતે બે વિવિધ સ્થળે પોલીસે રેઈડ પાડીને ૧૫ શકુનીઓને પકડી પાડ્યા છે. પોલીસે બાતમીને પગલે શનિવારના રોજ રાત્રીના ૧૨ વાગે લીંમડીવાળા વાસમાં રહેતા કૌશલ વિષ્ણુભાઈ પટેલના મકાનમાં બીજા માળે રેઈડ પાડી હતી. જેમાં સરઢવ ગામના ડેપ્યુટી સરપંચ જીતેન્દ્રકુમાર કાંતિલાલ પટેલ, કમલેશ જગદીશભાઈ પટેલ, નિલય ભરતભાઈ પટેલ, રાજેન્દ્રકુમાર રમેશભાઈ પટેલ, કાર્તિકકુમાર જશવંતભાઈ પટેલ તેમજ જીગ્નેશ મહેન્દ્રકુમાર પટેલ, અજયકુમાર શકરાભાઈ પટેલ, દર્શન નરેશ પટેલ, વિરાજ રાજેન્દ્ર પટેલ દિપેન શિરાજ પટેલ નો સમાવેશ થાય છે. પોલીસે



જુગારીઓ પાસેથી અંગજડતી તેમજ દાવ પરથી મળીને રોકડા રૂ. ૫૩,૯૦૦ કબ્જે કરી ઝડપાયેલા ૧૦ જુગારી તેમજ મકાન માલિક સામે જુગારધારા તેમજ મહામારી અધિનિયમ તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

સરઢવ ગામની સીમમાં જાંબોરુ નામથી ઓળખાતા ખરાબામાં શનિવારના રોજ મોડીસાંજે બાજી માંડીને બેઠેલા ગામના કમલેશ કનુજી ઠાકોર, બિપિનભાઈ રમણભાઈ પટેલ, રમેશ બબલદાસ પટેલ, કમલેશભાઈ સાંકાભાઈ પટેલ અને દશરથ બેચરદાસ પટેલનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ અને અંગજડતી મળી કુલ રૂ.૧૫,૭૦૦ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સેકટર-૭ પોલીસ મથકના જવાનોએ શનિવારના રોજ રાત્રીના સમયે સેકટર-૨ બી પ્લોટ નં.૧૧૪૮-૨ ખાતે ત્રાટકીને જુગાર રમી રહેલા ૯ શકુનીઓને પકડી પાડ્યા હતા. આ જુગારીઓમાં જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હિનાબેન પટેલના પતિ હરેશ રતિલાલ પટેલ (રહે. સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટી), ઘનશ્યામ પોપટલાલ પ્રજાપતિ (સહકાર કોલોની સેકટર-૨૫), જયેશ અંબાલાલ પટેલ (શ્રીજી પાર્ક અડાલજ), કાનજીભાઈ આત્મારામ પટેલ (વાસુપુજ્ય સોસાયટી સેટેલાઈટ), કમલેશ પુજાભાઈ પટેલ (કસ્તુરી-૩ થલતેજ), જશવંત નારણ પટેલ (સેકટર-૭ ડી), રણજીતસિંહ જીલુસિંહ ચાવડા (સિધ્ધી વિનાયક સોસાયટી પેથાપુર), ભદ્રેશ રમણલાલ શાહ (રાજપથ બંગ્લોઝ સરગાસણ) તેમજ બાબુભાઈ રામદાસ પટેલ (સેકટર-૨૬ કિસાન નગર) નો પણ સમાવેશ થાય છે. જયારે ઘનશ્યામ પ્રજાપતિએ બંગ્લોઝ અમરનાથ કોર્પોરેશનના નામે ઓફિસ માટે ભાડે રાખીને જુગારધામ ખોલી દીધુ હતુ. પોલીસે દાવ અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૧.૨૭ લાખ, રૂ.૩૬ હજારના ૯ મોબાઈલ, રૂ.૧૬ લાખની ૫ કાર, રૂ.૨૦ હાજરનું બાઈક, મળી કુલ રૂ.૧૭,૮૩,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે પોલીસે ને સેકટર-૨ ખાતે થી વિવિધ કલરના ૨૪૦ કોઈન મળી આવ્યા હતા. ત્યારે જુગારીઓ કોઈન પર જુગાર રમતા હોવાનું ધ્યાને આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- સોમવારે જન્માષ્ટમીની રજા હોવાથી વેક્સિનેશન થશે નહિ.
- ગાંધીનગર શહેરમાંથી આજે રજાના દિવસે પણ ૧૬૦ થી વધુ ટેસ્ટ કોરોનાના કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર મનપાના ટેક્ષ ઓફિસર સોનીનો આજે જન્મદિવસ હતો તેમણે પરિવારના સભ્યો સાથે અત્યંત સાદગીથી જન્મ દિવસની ઉજવણી કરી હતી.
- સરકારી સંસ્થાઓમાં પ્રસુતિની સંખ્યા ઘણી ઓછી હોવાની વાતને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ નારાજગી વ્યક્ત કરી છે.
- સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા ઓનલાઈન ચિત્ર સ્પર્ધા બે ગ્રુપમાં યોજાશે. આ માટે સ્પર્ધકે ૮ સપ્ટેમ્બર સુધીમાં મોકલી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ૫ થી ૧૫ વર્ષના વયજૂથ અને ૧૬ થી ૩૫ વર્ષનું વયજૂથના સ્પર્ધકો આમાં ભાગ લઈ શકશે.
- સે. ૨૩માં ગટર ઉભરાવવાની સમસ્યાથી લોકો પરેશાન બની ગયા છે. દુષિત પાણી અને દુષિત હવાથી ત્રસ્ત લોકોએ મનપાનો સંપર્ક કર્યો તો મંગળવાર પછી કામ હાથ પર લેવાશે તેવા પ્રત્યુત્તર મળ્યા છે.
- જન્માષ્ટમી પર્વની ઉજવણીને લઈ મંદિરોમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




## આજે સે.૬માં ભુવનેશ્વરી મંદિરે ગાયના દૂધનો અભિષેક

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરમાં શ્રાવણ માસ ભારે હર્ષોલ્લાસથી ઉજવાય રહ્યો છે. શહેરના સેક્ટર-૬ ખાતે શ્રી ભુવનેશ્વરી મહાદેવ તિર્થ ખાતે ૩૦મી ઓગસ્ટના રોજ પવિત્ર શ્રાવણ માસના ચોથા સોમવાર નિમિત્તે તારીખ સાંજે ૭.૩૦ કલાકે ગાયના દૂધના અભિષેક સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાઆરતીનાં દર્શન પ્રસાદનો લાભ લેવા ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને શ્રી ભુવનેશ્વરી પીઠ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સેકટર-૧૨ સત્યનારાયણ ટી સ્ટોલની કેબીનમાંથી વિદેશી દારૂની ૧૦૨ બોટલ મળી

### પોલીસે દારૂ, મોબાઈલ, એકટીવા, પલ્સર બાઈક સહિત બે શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ આંબેડકર ભવન નજીક સત્યનારાયણ ટી સ્ટોલ ના કેબીનમાં વિદેશી દારૂ સંતાડીને વેપાર શરુ કરવામાં આવ્યો છે. જેથી એલસીબી પોલીસે પૂર્વ બાતમીને પગલે રેઈડ પાડી કેબીનમાં રાખેલ ૧૦૨ નંગ દારૂની બોટલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દારુ, મોબાઈલ, એકટીવા, પલ્સર સહિત રૂ.૧.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડાના ચાંમુડા નગરમાં રહેતા નરેશ રઈજી રાવળ સામે શહેરના વિવિધ પોલીસ મથકમાં દારુ તેમજ શરીર સંબંધી ૨૨ જેટલા ગુના નોંધાયેલા છે. જયારે



નરેશ રાવળ લીસ્ટેડ બુટલેગર છે. બુટલેગરોની પ્રવૃતિઓ પર પોલીસની બાજ નજર હોય છે. બુટલેગર નરેશ રાવળની તપાસ કરવામાં આવતા બાતમી મળી હતી કે નરેશ રાવળે સેકટર-૧૨ આંબેડકર હોલ પાછળ આવેલા સત્યનારાયણ ટી સ્ટોલ ના બંધ કેબીનમાં દારૂ સંતાડી તેનું વેચાણ શરુ કરી દેવાયુ છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસે ઉપરોકત સ્થળ પરથી ધોળાકુવાના હીરારામ તેજાજી મેઘવાલ, મહેન્દ્ર ડુંગરાજી મેઘવાલ દારૂની પેટી પર એકટીવા લઈને પકડી પાડ્યા હતા. પોલીસે યુવકોની પુછપરછ કરતા આ દારૂની બે પેટી કોલવડાના જયદિપસિંહ ઉર્ફે કાલી બાપુને આપવામાં આવી હતી. પોલીસે ટી સ્ટોલની કેબીનની તપાસી લેતા અંદરથી વિદેશી દારુની ૧૦૨ બોટલ દારુ, એક બાઈક, એક એકટીવા, મળી આવ્યું હતું. પોલીસે બે યુવકોની ધરપકડ કરી લઈને બે વાહનો, દારુ, બે મોબાઈલ ફોન તેમજ રૂ. ૧.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કેન્દ્રિય મંત્રી પશુપતિકુમાર પારસનુ ગુજરાત દલિત સેના દ્વારા સન્માન

ગાંધીનગર, તા. ૨૯

દલિત સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ પશુપતિકુમાર પારસની કેન્દ્રિય મંત્રી પદે વરણી થતા ગુજરાત પ્રદેશ દલિત સેના દ્વારા તેઓનુ દિલ્હી ખાતે ભવ્ય સન્માન કરવામાં આવ્યુ હતુ.

દિલ્હી ખાતે યોજાયેલા આ સન્માન સમારંભમાં ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલાએ તેઓનુ બુકે, શાલ અને ફેંટો પહેરાવી સન્માન કર્યુ હતુ અને ગુજરાત દલિત સેનાને મજબૂત કરવા રજૂઆત કરી હતી. આ પ્રસંગે ગુજરાત દલિત સેનાના સંગઠન મંત્રી મોહનભાઈ પરમાર, ગુજરાત સહિત પ્રદેશના તમામ પદાધિકારીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં સાર્વજનિક ગણેશોત્સવમાં ઓનલાઈન ‘ચિત્ર સ્પર્ધા’નું આયોજન

ગાંધીનગરમાં સેક્ટર-૨૨ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૫૨માં ગણેશોત્સવ અંતર્ગત વિના મૂલ્યે ઓનલાઈન ×ચિત્ર સ્પર્ધા×નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં બે વયજુથ નિયત કરાયા છે જેમાં ૫ થી ૧૫ વર્ષનાં માટે ‘એ’ ગૃપ અને ૧૬ થી ૩૫ વર્ષ માટે ‘બી’ ગૃપ નિયત કરવામાં આવ્યાં છે. ચિત્ર સ્પર્ધાનો વિષય ગ્રુપ-એ માટે ‘નયનરમ્ય કુદરતી દશ્ય’ અને ગ્રુપ-બી માટે ‘હું છું ગાંધીનગર’ રાખવામાં આવ્યો છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે દરેક સ્પર્ધકે એ-૩ સાઈઝની ડ્રોઈંગ શીટમાં પોતાના વયજૂથના વિષય મુજબ ચિત્ર દોરી તેમાં મનપસંદ રંગ પૂરી તેને સે-૧૬માં તૃપ્તિ પાર્લરની બાજુમાં પ્લોટ નં.૩૮૧ ખાતે મિનાક્ષી ટ્રેડર્સ ખાતે ૮મી સપ્ટેમ્બર સુધીમાં જમા કરાવવાનું રહેશે. દરેક સ્પર્ધકે પોતાની ડ્રોઈંગ સીટ પાછળ નામ, ગ્રુપ અને મોબાઈલ નંબર લખવાનો રહેશે. દરેક ગ્રુપમાંથી ત્રણ વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. આ ચિત્ર સ્પર્ધામાં મોટી સંખ્યામાં બાળકો ભાગ લઈ શકે તે માટે શાળાઓના પ્રિન્સિપાલ તથા શિક્ષકગણને સમિતિ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.



કપરા કોરોના કાળમાં અસહ્ય મોંઘવારી સામે નબળાં પડેલા ધંધા-રોજગારના પગલે આર્થિક ભીંસ અનુભવી રહેલા મધ્યમ અને જરૂરિયાતમંદ વર્ગના નાગરિકોને મદદરૂપ થવાના હેતુથી ગાંધીનગરના ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા જીવન જરૂરી ચીજવસ્તુઓની કીટ આપવામાં આવી છે. મનપાના વોર્ડ નં.૩માં સમાવિષ્ટ સેક્ટર ૨૪, ૨૭ અને ૨૮માં ભાજપ વોર્ડ પ્રમુખ ઉમેશભાઈ જહા સાથે બુથ નં.૧૯૮ના પ્રમુખ તુલસીભાઈ માલી સહિત મુનવરભાઈ મન્સૂરી વગેરે દ્વારા હાજર રહી જરૂરિયાતમંદ નાગરિકોને આ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઈન્ડિયન લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા સેવા વસ્તી સેક્ટર ૨૪માં જન્મોત્સવ

ઈંડિયન લાયન્સ ગાંધી નગર સ્વર્ણિમ ક્લબ ના પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે શ્રી કૃષ્ણ નો જન્મોત્સવ તારીખ ૩૦ ઑગસ્ટ ૨૦૨૧ ના રોજ સવારે ૧૦ વાગ્યે સેક્ટર - ૨૪ માં સેવા વસ્તી (છાપરા) માં આયોજિત કરવામાં આવ્યો છે, હિન્દુ ધર્મ માં સમગ્ર દેશમાં આ તહેવાર ખૂબ ધામ ધૂમ થી ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમ માં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે, સૌના સાથ અને સૌના વિકાશ માં આ તહેવાર એક બીજા એ પ્રેમ થી ભગવાન શ્રી કૃષ્ણ નો જન્મોત્સવ ઉજવીએ એ જ અપેક્ષા છે.



## ચુલા ઠારીને શીતળા સાતમની પૂજા કરાઈ

શ્રાવણ માસ એ ભક્તિનો મહિનો ગણાય છે. જેમાં રવિવારના રોજ શીતળા સાતમ મનાવવામાં આવી હતી. મહિલાઓએ રાંધણ છઠ્ઠના દિવસે સાતમ માટેનું ભોજન બનાવીને ઘરના ચુલાઓની પૂજા કરી ઠંડા કર્યા હતા. જે રવિવાર સવારે શીતળા માતાની મૂર્તિ બનાવી તેની પૂજા મહિલાઓએ કરી હતી. ઠંડુ ખાવાનો મહિમા આ દિવસે હોય છે. જેમાં વળી અનેક લોકો દ્વારા વિવિધ માનતાઓ પણ રખાય છે જેવી કે પાંચ ઘરે માંગીને ખાવુ, ઊંધા કપડા પહેરી માંગીને ખાવુ, ચપ્પલ પહેરવા નહી વગેરે હોય છે. સરગાસણની શરણમ સોસાયટીની મહિલાઓએ શીતળામાતાની મૂર્તિ બનાવી પૂજા કરી આરતી સાથે માતાજીને વર્ષ દરમ્યાન શરીર સ્વસ્થ રહે તેવી પ્રાર્થના કરી હતી. ગુજરાતભરમાં આ દિવસે મહિલાઓને રસોઈ બનાવવાની હોતી નથી જેથી બનાવેલ આગલા દિવસની રસોઈ લઈ લોકો તીર્થક્ષેત્રોએ ઉપડી ગયા છે. અને ત્યાં વન ભોજનનો આનંદ લઈ આ તહેવારની ઉજવણી કરી છે.

## હોટલ લીલા પાસેની ઝાડી વિસ્તારમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૯

શહેરના કેપિટલ રેલ્વે સ્ટેશન પર બનેલી નવ નિર્મિત હોટલ લીલા પાસે આવેલી ઝાડી વિસ્તારમાંથી રવિવારના રોજ સવારે એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. વાવોલ ગામના નાગરીકે સવારે મૃતદેહ જોતા તાત્કાલીક અસરથી સેકટર-૭ પોલીસને જાણ કરી હતી. મૃતદેહ મળ્યાની જાણ થતા સેકટર-૭ પોલીસના સ્ટાફના જવાનો તુરંત આવી ગયા હતા અને મૃતદેહનો કબ્જો લઈ પીએમ અર્થે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો. અજાણ્યા ૩૫ વર્ષિય યુવકની ઓળખ થઈ શકે તેવા કોઈ આધાર પુરાવા મળી આવ્યા નથી.

સેકટર-૭ પોલીસે અકસ્માતે મોત ની નોંધ કરી હતી. પોલીસે મૃતકના વાલી વારસોની શોધખોળ આદરી છે.અજાણ્યા પુરુષના મૃત્યુનુ કારણ જાણી શકાયુ નથી. પરંતુ મૃતદેહની પરિસ્થિતિ જોતા ત્રણ-ચાર દિવસ થઈ ગયા હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

## તહેવારોમાં ઉજવણી કરવા લોકો ઉત્કંઠેશ્વર મહાદેવ ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર - દહેગામ અને કપડવંજમાંથી સેંકડો ભાવિકો ઉત્કંઠેશ્વર મહાદેવ ઉમટ્યા હતા. સાતમ-આઠમના તહેવારમાં અને શ્રાવણ માસ હોવાથી લોકો મોટી સંખ્યામાં ફેમિલી સાથે દર્શન કરવા ઉત્કંઠેશ્વર મહાદેવ ગયા હતા. કોરોનાના કારણે ગયેલા અને આજે દરેક બહેનોને સાતમના કારણે રસોઈ કરવાની નહી હોવાથી ઘરેથી શેપલા વડા પુરી કુલેર અથાણું મરચાં ભોજન કરી સાતમની ઉજવણી કરી હતી.





## વાવોલના બ્રહ્માકુમારીઝ કેન્દ્રમાં સ્પોર્ટ્સ ડેનું આયોજન

ગાંધીનગરના વાવોલ ખાતે બ્રહ્માકુમારીઝ કુમારી કેન્દ્રમાં સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી કેન્દ્રના સંચાલિકા પૂ.હંસાદીદીના માર્ગદર્શનમાં કેન્દ્રના સ્વયંસેવકોએ મનોરંજક રમતોનો આનંદ માણ્યો હતો. વાવોલ બ્રહ્માકુમારીઝ કેન્દ્રમાં પર્વો અને પ્રસંગોની ઉજવણી ભારે ઉત્સાહથી કરાય છે. ગાંધીનગર શહેરમાં અને આસપાસના બ્રહ્માકુમારીઝ કેન્દ્રો દ્વારા જનચેતનાના કાર્યક્રમો અને જનજાગૃતિના કાર્યક્રમો દ્વારા જનજીવનને ધબકતું રખાય છે. આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓના માધ્યમથી જીવનના મૂલ્યો અને લક્ષ્ય તરફ માર્ગદર્શન આપી માણસને જીવન જીવવા માટે પીઠબળ આપવાનું કેન્દ્ર બની રહે છે. ગાંધીનગરમાં પણ બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય દ્વારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનાના કાર્યક્રમો પર્વો પ્રસંગોએ યોજાય છે.